કેસ પ્રાપ્તિ તારીખ : ૧૧–૦૯–૨૦૨૫
કેસ દાખલ તારીખ : ૧૧–૦૯–૨૦૨૫
કેસ નિર્ણીત તારીખ : ૦૧–૦૪–૨૦૨૬
અવધી : વર્ષ – માસ – દિવસ.
૦૦ ૦૬ ૨૧

મહેરબાન દ્વારકાના ખાસ જજ શ્રી કે. જે. મોદી, અનુસુચીત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) અધીનીયમ, ૧૯૮૯ સાહેબની કોર્ટ સમક્ષ મુકામ : દ્વારકા.

સ્પેશ્યલ (એટ્રોસીટી) કેસ નં. ૧૦ સને ૨૦૨૫.

આંક .....

ઘી સ્ટેટ ઓફ ગુજરાત ... ફરિયાદી
(શ્રી સંજયભાઈ પાલાભાઈ બાબરીયા,
જાતે : અનૂ. જાતિ, ઉ. વ. ૩૨, ધંધો :
કડીયાકામ/ખેતી, રહે. આંબેડકર સોસાયટી,
લાંબા ગામ, તા. કલ્યાણપુર, જીલ્લા :
દેવભૂમિ દ્વારકા)

**વિરૂઘ્ધ**

(૧) દિવ્યેશભાઈ ઉર્ફે દીવુ પરબતભાઈ ગોજીયા, ...આરોપીઓ
ઉ.વ.૨૦, જાતે : હિન્દુ– આહીર, રહે. લાંબા ગામ,
વાડી વિસ્તાર, તાલુકા : કલ્યાણપૂર,
જીલ્લા : દેવભૂમિ દ્વારકા.

(૨) પરબતભાઈ લાખાભાઈ ગોજીયા, ઉ. વ. ૪૨,
જાતે : હિન્દુ – આહીર, રહેવાસી : ઉપર મુજબ.

(૩) પાર્થ મચાગર મેઘનાથી, ઉ. વ. ૨૦, જાતે :
હિન્દુ–વૈરાગી બાવાજી, રહેવાસી : ચાંચલાણા
ગામ, વાડી વિસ્તાર, તાલુકા : કલ્યાણપુર,
જીલ્લા : દેવભૂમિ દ્વારકા.

(૪) ધનાભાઈ લખાભાઈ ગોજીયા, ઉ. વ. ૩૫,
જાતે : હિન્દુ – આહીર, રહેવાસી : લાંબા ગામ,
વાડી વિસ્તારગા, તાલુકા : કલ્યાણપૂર,
જીલ્લા : દેવભૂમિ દ્વારકા.

---

<u>ગુન્હો</u> :- ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-એ) મુજબ.

---

---

ફરિયાદ પક્ષ તર્ફે વિદ્વાન એડીશનલ પબ્લીક પ્રોસીસકયુટર્સ એ. એચ. વ્યાસ.
આરોપીઓ તર્ફે વિદ્વાન વકિલ શ્રી ડી. એચ. કનારા.

---

**-:: <u>ઠ રા વ</u> ::-**

**(૧)** આ કામના ફરીયાદી શ્રી સંજયભાઈ પાલાભાઈ બાબરીયા, જાતે અનુ. જાતિ, ઉ. વ. ૩૨, ધંધો : કડીયાકામ/ખેતી, રહે. આંબેડકર સોસાયટી, લાંબા ગામ, તાલુકા : કલ્યાણપૂર, જીલ્લા : દેવભૂમિ દ્વારકા સારવાર માટે પોરબંદર ભાવસિંહજી હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે દાખલ હતા તે દરમ્યાન તારીખ : ૨૯/૦૭/૨૦૨૫ ના રોજ કલ્યાણપૂર પો. સ્ટે. ના ભાટીયા આઉટ પોસ્ટના પો.સ.ઈ.શ્રી. એમ. આર. સવસેટાએ હોસ્પીટલ જઈ સદર ફરીયાદીની મુલાકાત લીધી હતી અને ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધી હતી અને તે આધારે કલ્યાણપૂર પોલીસ સ્ટેશન ''એ'' પાર્ટ ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૧૮૫૦૦૩૨૫૦૯૩૪ સને ૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ **(સરળતા ખાતર ''બી.એન.એસ.'')** ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા અનૂસૂચિત જાતિ, અનૂસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધીનીયમ **(સરળતા ખાતર ''એટ્રોસીટી એકટ'')** ની કલમ : ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-એ) અન્વયે સજાને પાત્ર ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની આગળની તપાસ હોદ્દાની રૂએ નાયબ પોલીસ અધીક્ષક એસ.સી. એસ.ટી. સેલ દેવભૂમિદ્વારકા શ્રી વિસ્મય પરેશભાઈ માનસેતાએ સંભાળી હતી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધ્યા હતાં તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કર્યુ હતુ તેમજ ગુના કામે ઉપયોગમાં લીધેલ લાકડાનો ધોકો બે પંચોની હાજરીમાં વિગતવાર પંચનામું કરી તપાસ અર્થે કબજે લીધો હતો અને ફરીયાદી-સાહેદોની ઈજાનુ સારવાર સર્ટી

મેળવવા તજવીજ કરી હતી તેમજ ફરીયાદી તથા આરોપીઓની જાતિ અંગેના પ્રમાણપત્રો મેળવવા તજવીજ કરી હતી તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ રજુ કર્યુ હતુ.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ : ૨૮/૦૭/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યાના અરસામાં મોજે લાંબા ગામ, તાલુકા : કલ્યાણપૂર, જીલ્લા : દેવભૂમિ દ્વારકા મુકામે ફરીયાદીની દુકાનની સામે રોડ ઉપર આરોપી દિવ્યેશ પરબતભાઈ ગોજીયાએ તેનો ઘોડો ફરીયાદીના કાકા નિલેશભાઈ ત્યાં ઉભા હતા તેની ઉપર નાંખતા ફરીયાદીના કાકા નિલેશભાઈએ તે દિવ્યેશને ઘોડો જોઈને ચલાવવાનુ કહેતા આરોપી દિવ્યેશ તથા પાર્થ બાવાજી એ ફરીયાદીના કાકા નિલેશભાઈ સાથે ઝઘડો કર્યો હતો અને ત્યાંથી ઘોડો લઈને જતા રહયા હતા ત્યારબાદ આરોપી દિવ્યેશના પિતા આરોપી પરબતભાઈએ ફરીયાદીના કાકા નિલેશભાઈને મોબાઈલમાં ફોન કરી ફોનમાં ઝઘડો કરવા લાગેલ અને થોડી વારમાં આરોપીઓ પૈકી પરબતભાઈ ગોજીયા તેના હાથમાં લાકડી સાથે તથા તેનો દિકરો દિવ્યેશ પણ લાકડી લઈને તથા તેની સાથે પાર્થ બાવાજી તથા એક અજાણ્યો માણસ એમ ચાર જણા ફરીયાદીની દુકાન પાસે આવ્યા હતા અને ફરીયાદી તથા તેના કાકા નિલેશભાઈ ઉભા હતા ત્યાં આ ચારેય લોકો આવેલા અને ફરીયાદી તથા તેના કાકા નિલેશભાઈને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ અને ફરીયાદી તથા તેના કાકા નિલેશભાઈને તેમની જ્ઞાતિ પ્રત્યે બોલવા લાગેલ અને ઢેઢાઓ તમને ગામમાં રહેવા દેવા નથી તેમ કહેતા ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ જઈ પરબતભાઈએ ફરીયાદીને લાકડી વતી માર મારેલ અને ફરીયાદીને જમણા પગે ગોઢણથી નીચેના ભાગે તથા નાક પાસે તથા માથાના ભાગે મૂઢ ઈજાઓ થયેલ અને સામસામે ઝપાઝપી થતા તેમના કાકા નિલેશભાઈને પણ આ લોકોએ માર મારેલ તેમજ તેમના કાકી રમીલાબેન છોડાવવા વચ્ચે પડતા દિવ્યેશ ગોજીયાએ રમીલાબેનને પણ લાકડી વતી માર મારેલ જેથી રમીલાબેનને જમણા પગે ગોઠણથી નીચેના ભાગે મૂઢ ઈજાઓ થયેલ અને પાર્થ બાવાજી તથા એક અજાણ્યા માણસે ઢીકાપાટુનો માર મારેલ

અને તે વખતે માણસો ભેગા થઈ જતા આ પરબતભાઈ તથા તેનો દિકરો દિવ્યેશ તથા પાર્થ તથા તેની સાથેનો માણસ તેઓને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલ અને તે મુજબ ગુનો કરેલ છે.

(૩) તપાસના અંતે ત. ક. અમલદારે દેવભૂમિ દ્વારકા જીલ્લાના તાલુકા : દ્વારકા મુકામે એટ્રોસીટી એકટ અન્વયે રચવામાં આવેલી આ ખાસ અદાલતમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. જે અન્વયે સ્પે. એટ્રોસીટી (ફોજદારી) કેસ નંબર : ૧૦ સને ૨૦૨૫ દાખલ કરવામાં આવ્યો છે અને તે મુજબ આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રે ચલાવવામાં આવી છે.

(૪) સદર કેસ અત્રે દાખલ થયા બાદ આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી થતાં તેઓ તેમના બચાવ અર્થે વિદ્વાન વકીલ શ્રી ડી. એચ. કનારા મારફતે હાજર રહયા છે. સૌપ્રથમ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (**સરળતા ખાતર ''બી.એન.એસ.એસ.''**) ની કલમ : ૨૩૦ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી હતી તેમજ તે અંગેની ખાત્રી કરવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્વાન એ. પી. પી. શ્રી. એ ''**બી.એન.એસ.એસ.**'' ની કલમ ૨૪૯ અન્વયે આરોપીઓ ઉપર જે તહોમત મુકવામાં આવ્યું હતું, તેનું વર્ણન કરી, ફરિયાદ પક્ષ કયા પુરાવાથી આરોપીઓનો દોષ સાબિત કરવા માગે છે, તેનું વર્ણન કરી, મૌખિક સાહેદોનું લીસ્ટ તથા દસ્તાવેજી પુરાવાઓ અદાલત સમક્ષ રજૂ કર્યા હતા, ત્યારબાદ કેસનું રેકર્ડ તથા રજૂ કરેલા દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ તેમજ તે સબંધંમા આરોપી તેમજ ફરિયાદ પક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ આરોપીઓએ તેમની સામે આક્ષેપિત ગુનો કર્યો હોવા સંદર્ભે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો જણાય આવ્યા હોય, ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૨૫૧(૧)(બી) અન્વયે આરોપીઓ સામે લેખિત તહોમતનામું આંક : ૦૫ થી ઘડવામાં આવ્યું હતું તેમજ ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૨૫૧(૨) અન્વયે તે તહોમતનામાંનાં કથનો આરોપીઓ સમક્ષ વાંચી, સંભળાવી અને સમજાવી, તહોમતનામાં મુજબનો ગુનો કબૂલ કરવા માંગો છો કે બચાવ કરવા માંગો છો ? તેવો પ્રશ્ન પૂછી, તેમના નિવેદનો આંક : ૦૬, ૦૭, ૦૮ તથા ૦૯ થી નોંધવામાં આવ્યુ છે, જે અન્વયે આરોપીઓએ ગુનો કબૂલ

કરવાનો ઈન્કાર કરી, બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા આ કેસની ઈન્સાફી આગળ ચલાવવામાં આવી છે.

(૫) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કર્યા છે.

(અ) **દસ્તાવેજી પુરાવાઓ** :

| અ.નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| (૧) | ૧૧ | પ્રથમ માહીતી અહેવાલ સહીતની ફરીયાદ. |
| (૨) | ૧૫ | ફરીયાદ આધારે ગુનો દાખલ કરવા પો.સ.ઈ.એ પો.સ્ટે. અમલદારને લખેલ પત્રની ઓફીસ કોપી. |
| (૩) | ૧૬ | ગુનો નોંધ્યા બાદ પો.સ્ટે. અમલદારે કરેલ સ્પેશીયલ રીપોર્ટ. |
| (૪) | ૧૭ | ગુનાની તપાસ સંભાળી લેવા પો.સ્ટે. અમલદારે કરેલ વાયરલેસ મેસેજ. |
| (૫) | ૧૮ | ગુનાની સ્ટે. ડા. માં કરવામાં આવેલ નોંધ અંગે સ્ટે. ડા. ના રેલેવન્ટ પેઈજની ખરી નકલ. |
| (૬) | ૨૧ | ત. ક. અમલદારે અનુસુચિત જાતિ પર આચરવામાં આવેલા ગુના કામે કરેલ સ્પે. રીપોર્ટ. |
| (૭) | ૨૨ | બનાવવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામું. |
| (૮) | ૨૩ | આરોપી પરબતભાઈ ગોજીયાએ ગુનો કરવામાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ લાકડાનો ધોકો તપાસ અર્થે કબજે લીધાનું પંચનામું. |
| (૯) | ૨૪ | આરોપીઓની અટક અંગે સ્ટે. ડા. માં નોંધ કરવાની પોલીસ યાદીની ઓફીસ કોપી. |
| (૧૦) | ૨૫ | ફરીયાદી સાહેદોની જાતિ અંગેના પ્રમાણપત્ર વેરીફાઈ થઈ મળવા બાબત ત. ક. અમલદારે તાલુકા વિકાસ અધીકારી કલ્યાણપુર ને લખેલ વિનંતી રીપોર્ટની ઓફીસ કોપી. |
| (૧૧) | ૨૬ | ફરીયાદી તથા સાહેદોની જાતિ અંગેના પ્રમાણપત્ર વેરીફાઈ કરી મોકલી આપવા બાબત તાલુકા વિકાસ અધીકારીએ ત. ક. અમલદારને લખેલ પત્ર તથા તે સાથે ફરીયાદી તથા સાહેદોના જરૂરી દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ. |
| (૧૨) | ૨૭ | આરોપીઓની જાતિ અંગેનો અભિપ્રાય મેળવવા ત.ક. અમલદારે તાલુકા વિકાસ અધીકારી, કલ્યાણપૂરને લખેલ વિનંતી રીપોર્ટની ઓફીસ કોપી. |
| (૧૩) | ૨૮ | આરોપીઓની જાતિ અંગેનો અભિપ્રાય મોકલી આપવા બાબત તાલુકા વિકાસ અધીકારીએ ત. ક. અમલદારને લખેલ પત્ર તથા તે સાથે આરોપીઓના જરૂરી દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ. |

| | | |
|---|---|---|
| (૧૪) | ૨૯ | આરોપી પાર્થગર મયાભાઈ મેઘનાથીના જાતિ અંગેના પ્રમાણપત્ર ની નકલ તથા એફ.આઈ.આર. ની નકલ મોકલી ત. ક. અમલદારે તેમની જાતિ અંગેનું પ્રમાણપત્ર વેરીફાઈ થઈ મળવા બાબતે તાલુકા વિકાસ અધીકારી, કલ્યાણપૂરને લખેલ વિનંતી રીપોર્ટની ઓફીસ કોપી. |
| (૧૫) | ૩૦ | આરોપી પાર્થઘર મયાગર મેઘનાથીની જાતિ અંગેનું પ્રમાણપત્ર વેરીફાઈ થઈ મોકલી આપવા તાલુકા વિકાસ અધીકારી કલ્યાણપૂર નાએ ત. ક. અમલદારને લખેલ પત્ર તથા તે સાથે આરોપીના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ. |
| (૧૬) | ૩૧ | ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદોના સારવાર સર્ટી મેળવવા ત. ક. અમલદારે તબીબી અધીકારીને લખેલ વિનંતી રીપોર્ટની ઓફીસ કોપી. |
| (૧૭) | ૩૨ | ફરીયાદી સંજય પાલાભાઈ બાબરીયાની ઈજા અંગેનું તબીબી પ્રમાણપત્ર. |
| (૧૮) | ૩૩ | એજન સાહેદ – રમીલાબેન નીલેશભાઈ બાબરીયા. |
| (૧૯) | ૩૪ | એજન સાહેદ – નીલેશભાઈ સોમાભાઈ બાબરીયા. |
| (૨૦) | ૩૫ | એજન સાહેદ – આરતીબેન સંજયભાઈ બાબરીયા. |
| (૨૧) | ૩૬ | અધીક જીલ્લા મેજી. દેવભૂમિ દ્વારકાના હથિયાર બંધી અંગેના જાહેરનામાની નકલ. |

(બ) **<u>મૌખિક પુરાવાઓ</u> :**

| સા.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૧૦ | ફરીયાદી – ભોગ બનનાર સંજયભાઈ પાલાભાઈ બાબરીયા. |
| (૨) | ૧૨ | ભોગ બનનાર – નિલેશભાઈ સોમાભાઈ બાબરીયા. |
| (૩) | ૧૩ | ભોગ બનનાર – રમીલાબેન નિલેશભાઈ બાબરીયા. |
| (૪) | ૧૪ | પો.સ્ટે. અમલદાર રામશજીભાઈ વિક્રમભાઈ ચાવડા. |
| (૫) | ૨૦ | ત.ક. અમલદાર વિસ્મિય પરેશભાઈ માનસેતા. |

**(૬)** ફરિયાદ પક્ષે આંક : ૩૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવી છે. ત્યારબાદ અત્રેની અદાલતે ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૨૫૬ અનુસાર સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોય તો તેમ કરવાનો આરોપીઓને પુરેપુરો અધિકાર છે તે મતલબની સમજણ તેમને પુરી પાડેલી છે પરંતુ આરોપીઓ પોતે પોતાના અધિકારનો ઉપયોગ કરતા માંગતા નથી તેમજ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવું જાહેર કર્યુ હતુ. ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલા દસ્તાવેજી તથા

મૌખિક પુરાવામાં આરોપીઓનો ખુલાસો પુછવો પડે તવા કોઈ સંજોગો જણાય આવ્યા ન હોવાથી ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૩૫૧ અન્વયે આરોપીઓના નિવેદનો નોંધવામાં આવ્યા નથી.

**(૭)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ આંક : ૦૫ ના તહોમતનામામાં જણાવ્યા અનુસાર ''પીનલ કોડ'' ની કલમ : ૧૧૫(૨), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ''એટ્રોસીટી એકટ'' ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ અનુસાર.

**(૯)** ઉપરોકત ન્યાયિક નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે :–

**મુદ્દા નંબર : ૧ :–**

**(૧૦)** હાલના કેસમાં આરોપીઓ ઉપર ''બી.એન.એસ.'' ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ''એટ્રોસીટી એકટ'' ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાનું તહોમત મુકવામાં આવ્યુ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Rabindra Kumar Dey Vs. State of Orissa, AIR 1977 SC 170,** ના ચુકાદામાં ત્રણ મુખ્ય સિધ્ધાંતોનો પુનોરચ્ચાર કર્યો છે કે, (i) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt, and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving it's case; (ii) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty, and (iii) that the onus of the prosecution never shifts. Thus, it is well-settled that in criminal trial, the guilt of the accused must be proved beyond reasonable doubt in order to convict him. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **State of Uttar Pradesh**

**<u>Vs. Krishna Gopal, (1988) 4 SCC 302</u>** માં ઠરાવ્યુ છે કે, the person has, no doubt, profound rights not to be convicted of an offence, which is not established by the evidential standard of proof beyond resonable doubt. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને રાખી હાલના કેસમાં બન્ને પક્ષો તરફથી રજુ કરવામાં આવેલી રજુઆતો ધ્યાને લેવામાં આવી છે તેમજ રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ સાહિત્ય ધ્યાને લેવામાં આવ્યુ છે.

**(૧૧)** બંને પક્ષોના વિ.વકીલશ્રીઓની દલીલો ધ્યાને લેતા હું સૌ પ્રથમ નામદાર હાઈકોર્ટ તથા નામદાર ભારતીય સર્વોચ્ચ અદાલતે એટ્રોસીટી એકટ નીચે ઉપસ્થિત થયેલા કેસોમાં આપેલા ચુકાદાઓમાં પ્રતિપાદિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી ગણુ છું. જે સિધ્ધાંતો એવા છે કે, કોઈ વ્યકિત અનુસુચિત જાતિ કે જનજાતિ વર્ગનો છે કે કેમ ? તેવી હકિકત માત્ર સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્ર કે રાજય સરકાર અગર તો કેન્દ્ર સરકારના નોટિફીકેશનના પુરાવાના આધારે જ નકકી કરી શકાય. તેની ગેરહાજરીમાં સાક્ષીઓ ધ્વારા જુબાનીમાં કહેવામાં આવેલ મોઘમ શબ્દોના આધારે આવી હકિકત સાબિત થઈ હોવાનું માની શકાય નહી. તે જ રીતે અન્ય પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર, એટ્રોસીટી એકટના બનાવમાં બનાવનો ભોગ બનનાર વ્યકિત અનુસુચિત જાતિ કે જનજાતિના વર્ગનો છે તેવું સાબિત કરવા ઉપરાંત એવું પણ સાબિત કરવું જોઈએ કે, આક્ષેપ મુજબ બનાવ, ભોગ બનનાર વ્યકિત આવી જાહેર થયેલી જ્ઞાતિનો સભ્ય હોવાથી બનેલ હતો. અન્યથા એટ્રોસીટી એકટ નીચેની જોગવાઈ લાગુ કરી શકાય નહી. ઉપરોકત તમામ ગુનાહિત કૃત્યો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તર્ફે ઉપર જણાવેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ ઉપર આધાર રાખવામાં આવ્યો છે. સબબ તેનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મુલ્યાંકન કરી કેસના નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે.

**(૧૨)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૧ સંજયભાઈ પાલાભાઈ બાબરીયાને આંક : ૧૦ થી તપાસવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર તેઓ બનાવમાં ભોગ બનનાર છે અને બનાવ અંગેની ફરીયાદ આપી છે. આમ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પૂરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પૂરાવો ઘણો જ અગત્યનો છે. સદર

સાહેદના મૌખિક પૂરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ બનાવ બન્યાની હકીકતને તો સમર્થન આપ્યુ છે અને તેઓએ બનાવ બન્યાને આશરે પાંચેક માસનો સમય થયો હોવાનો તેમને ખ્યાલ હોવાની હકીકત અને બનાવ રાત્રીના સાત આંઠ વાગ્યાના અરસામાં બન્યો હોવાની હકીકત જણાવી છે પરંતુ બનાવમાં તેમના ઘરની સામે દેકારો થતા તેઓ બહાર આવીને જોતાં આરોપીઓ દિવ્યેશ પરબતભાઈ ગોજીયા તથા પાર્થ બાવાજી તથા તેમના કાકા નીલેશભાઈ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થતી હોવાની તેમજ તેઓ ત્યાં જોવા ગયા તે દરમ્યાન અચાનક ધકકા મુકકી થવા લાગી હોવાની અને ગાળો બોલાવા લાગી હોવાની અને તેમની જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલાવા લાગ્યા હોવાની હકીકત જણાવી છે. વધુમાં તેઓએ જણાવ્યુ છે કે, ઘણા લોકો ભેગા થયા હોવાથી ગાળો કોણ બોલ્યુ હતુ અને જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો કોણ બોલ્યુ હતુ તેની તેઓને ખબર પડી ન હતી અને સદર બનાવમાં ધકકા મુકકી દરમ્યાન તેમને જમણા પગે ગોઠણની નીચેના ભાગે, નાક પાસે તથા માથાના ભાગે માર વાગેલો અને મુઢ ઈજા થયેલી તેમજ આ બનાવમાં તેમના કાકા નીલેશભાઈને તેમજ કાકી રમીલાબેનને પણ ઈજા થઈ હતી તેઓને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હતી ત્યારબાદ ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સમાં તેઓ ત્રણેયને પોરબંદર ભાવસિંહજી સરકારી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમને તથા તેમના કાકી રમીલાબેનને હોસ્પીટલમાં દાખલ કરેલા અને કાકા નીલેશભાઈને સારવાર આપી રજા આપી દીધી હતી ત્યારબાદ પોલીસ ત્યાં આવી હતી અને બનાવ સંબંધે તેમની પુછપરછ કરી એક લખાણ ઉપર તેમની સહી કરાવી હતી અને તે લખાણમાં પોલીસે શુ લખ્યુ હતુ તેની તેમને ખબર નથી ત્યારબાદ પોલીસ સાહેબ હોસ્પીટલમાં આવ્યા હતા અને તેમનુ નામ –સરનામુ પુછેલ તે સીવાય તેમની કોઈ પુછપરછ કરી ન હતી. સાહેદે વધુમાં જણાવ્યુ છે કે, તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તે ખબર પડી ન હોવાથી તેમને કોઈ હથિયાર બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ નથી તેમજ તેવા કોઈ ઈસમો તેમને બતાવવામાં આવૌ તો પણ તેઓ ઓળખી શકે તેમ નથી. સાહેદે પ્રથમ માહીતી અહેવાલ સહીતની ફરીયાદ જોઈને તેમાં તેમની સહી હોવાની હકીકત જણાવી

તે ઓળખી બતાવેલ છે, જે કારણે ફરીયાદ આંક : ૧૧ થી રજુ છે. આમ, સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન કરેલ ન હોય તેમજ આંક : ૧૧ માં જણાવેલી ફરીયાદને સમર્થન કરેલ ન હોય એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીને આધીન સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય સાથે સાંકળી શકાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં સાહેદે તેઓએ ડોકટર રૂબરૂ બનાવ અંગે કોઈ હીસ્ટ્રી લખાવી ન હોવાની તેમજ બનાવ અંધારામાં બનેલો તેથી તેઓને થયેલી ઈજા કોણે કરી તેની આજ દીવસ સુધી તેમને ખબર પડી ન હોવાની હકીકત સ્વીકારી છે. આમ, સદર સાહેદ કે જે બનાવમાં ભોગ બનનાર છે અને બનાવ અંગેની ફરીયાદ આપી છે તેમના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો આરોપીઓએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી.

(૧૩) ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૨ નીલેશભાઈ સોમાભાઈ બાબરીયાને આંક : ૧૨ થી તપાસ્યા છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર તેઓ બનાવમાં ભોગ બનનાર સાહેદ છે. સબબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પૂરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પૂરાવો ઘણો જ અગત્યનો છે. સદર સાહેદના મૌખિક પૂરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ બનાવ બન્યાની હકીકતને તો સમર્થન આપ્યુ છે અને તેઓએ બનાવ બન્યાને આશરે પાંચેક માસનો સમય થયો હોવાનો તેમને ખ્યાલ હોવાની હકીકત અને બનાવ રાત્રીના સાત આંઠ વાગ્યાના અરસામાં બન્યો હોવાની હકીકત જણાવી છે પરંતુ બનાવમાં તેઓ ફરીયાદી સંજયભાઈની દુકાન સામે રોડની સામેની બાજુ બેઠા હતા તેમજ તેમની સાથે અન્ય ઈસમો પણ હતા તે દરમ્યાન ત્યાં રસ્તા ઉપરથી ચાર ઘોડા ઉપર ચાર ઈસમો પસાર થતા સામાન્ય બોલાચાલી શરૂ થઈ હતી તે દરમ્યાન ગામના ઘણા લોકો ભેગા થયા હતા અને તેઓ પણ ત્યાં હતા તેમજ તેમનો ભત્રીજો ફરીયાદી સંજયભાઈ પણ ત્યાં હતો તે દરમ્યાન અચાનક ધકકા મુકકી થવા લાગી હોવાની અને ગાળો બોલાવા લાગી હોવાની

અને તેમની જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલાવા લાગ્યા હોવાની હકીકત જણાવી છે. વધુમાં તેઓએ જણાવ્યુ છે કે, ઘણા લોકો ભેગા થયા હોવાથી ગાળો કોણ બોલ્યુ હતુ અને જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો કોણ બોલ્યુ હતુ તેની તેઓને ખબર પડી ન હતી અને સદર બનાવમાં ધકકા મુકકી દરમ્યાન સંજયભાઈને ઈજા થયેલી તેમજ તેમની પત્નિી રમીલાબેનને જમણા પગે ગોઠણથી નીચેના ભાગે ઈજા થયેલી તેમજ તેઓને પણ સામાન્ય ઈજા થઈ હતી તેમજ તેઓને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હતી ત્યારબાદ ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સમાં તેઓ ત્રણેયને પોરબંદર ભાવસિંહજી સરકારી હોસ્પીટલમાં લઈ ગયા હતા જયાં તેમની પત્નિ તથા સંજયભાઈને દાખલ કરેલા અને તેમને પ્રાથમીક સારવાર આપી રજા આપી હતી અને તેઓ હોસ્પીટલમાં હતા તે વખતે પોલીસ આવી હતી અને તેમનુ નામ – સરનામું પુછેલ તે સીવાય બીજી કોઈ પુછપરછ કરી હતી. સદર સાહેદે વધુમાં જણાવ્યુ છે કે, તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તે ખબર પડી ન હોવાથી તેમને કોઈ હથિયાર બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ નથી તેમજ તેવા કોઈ ઈસમો તેમને બતાવવામાં આવે તો પણ તેઓ ઓળખી શકે તેમ નથી. આમ, સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન કરેલ ન હોય તેમજ આંક : ૧૧ માં જણાવેલી ફરીયાદને સમર્થન કરેલ ન હોય એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીને આધીન સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય સાથે સાંકળી શકાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં સાહેદે તેઓએ ડોકટર રૂબરૂ બનાવ અંગે કોઈ હીસ્ટ્રી લખાવી ન હોવાની તેમજ બનાવ અંધારામાં બનેલો તેથી તેઓને થયેલી ઈજા કોણે કરી તેની આજ દીવસ સુધી તેમને ખબર પડી ન હોવાની હકીકત સ્વીકારી છે. આમ, સદર સાહેદ કે જે બનાવમાં ભોગ બનનાર છે તેમના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો આરોપીઓએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી.

(૧૪) ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૩ રમીલાબેન ઉર્ફે રમાબેન નિલેશભાઈ

બાબરીયાને આંક : ૧૩ થી તપાસવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર તેઓ બનાવમાં ભોગ બનનાર સાહેદ છે. સબબ આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પૂરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પૂરાવો ઘણો જ અગત્યનો છે. સદર સાહેદના મૌખિક પૂરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ બનાવ બન્યાની હકીકતને તો સમર્થન આપ્યુ છે અને તેઓએ બનાવ બન્યાને આશરે પાંચેક માસનો સમય થયો હોવાનો તેમને ખ્યાલ હોવાની હકીકત અને બનાવ રાત્રીના સાત આંઠ વાગ્યાના અરસામાં બન્યો હોવાની હકીકત જણાવી છે પરંતુ બનાવમાં તે દિવસે તેમના પતિ નીલેશભાઈ તથા ભત્રીજો સંજયભાઈ ઘરની સામે આવેલ દુકાન સામે રોડની સામેની બાજુ બેઠા હતા અને ત્યાંથી માથાકુટ તથા ગાળાગાળીનો અવાજ આવતા તેણી બહાર ગઈ હતી તો તે વખતે ત્યાં ઘણા લોકો ભેગા થયા હતા અને ધકકા મુકકી થતી હતી તેદ દરમ્યાન તેમના પતિ નીલેશભાઈને છોડાવવા વચ્ચે જતા ધકકા મુકકીમાં નીચે પડી જતા તેણીને પણ વાગેલ તેમજ આ બનાવમાં તેણીના પતિ નિલેશભાઈ તથા સંજયભાઈને પણ ઈજા થઈ હતી અને તેઓને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હતી ત્યારબાદ ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સમાં તેઓ ત્રણેયને પોરબંદર ભાવસિંહજી સરકારી હોસ્પીટલમાં લઈ ગયા હતા જયાં તેઓને તથા સંજયભાઈને સારવાર માં દાખલ કરેલ જયારે તેમના પતિને સારવાર કરી રજા આપેલ અને તેણી હોસ્પીટલમાં હતી તે વખતે પોલીસ આવી હતી અને તેણીનુ નામ–સરનામું પુછેલ તે સીવાય બીજી કોઈ પુછપરછ કરી ન હતી. સદર સાહેદે વધુમાં જણાવ્યુ છે કે, તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તે ખબર પડી ન હોવાથી તેમને કોઈ હથિયાર બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ નથી તેમજ તેવા કોઈ ઈસમો તેમને બતાવવામાં આવે તો પણ તેઓ ઓળખી શકે તેમ નથી. આમ, સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન કરેલ ન હોય તેમજ આંક : ૧૧ માં જણાવેલી ફરીયાદને સમર્થન કરેલ ન હોય એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીને આધીન સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય સાથે સાંકળી શકાય તેવી લેશમાત્ર

હકીકત રેકર્ડ ઉપર લાવવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં સાહેદે તેઓએ ડોકટર રૂબરૂ બનાવ અંગે કોઈ હીસ્ટ્રી લખાવી ન હોવાની તેમજ બનાવ અંધારામાં બનેલો તેથી તેઓને થયેલી ઈજા કોણે કરી તેની આજ દીવસ સુધી તેમને ખબર પડી ન હોવાની હકીકત સ્વીકારી છે. આમ, સદર સાહેદ કે જે બનાવમાં ભોગ બનનાર છે તેમના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો આરોપીઓએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી.

**(૧૫)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૪ રામશીભાઈ વિક્રમભાઈ ચાવડાને આંક : ૧૪ થી તપાસવામાં આવ્યા છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેમના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોલીસ રૂબરૂની ફરીયાદ આધારે પો.સ્ટે. અમલદાર તરીકે ચાર્જમાં ગુનો નોંધ્યો છે તેમજ તે અંગે સ્ટે. ડા. મા નોંધ કરી છે તેમજ પ્રથમ માહીતી અહેવાલ નિયત નમુનામા તૈયાર કર્યો છે તેમજ ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ કર્યો છે તેમજ ગુનાની તપાસ ડેપ્યુટ કરી છે.

**(૧૬)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૫ વિસ્મય પરેશભાઈ માનસેતાને આંક : ૨૦ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ આ ગુનાની તપાસ કરી છે. સદર સાહેદે તેમના મૌખિક પૂરાવાથી તેઓને આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ જે કાંઈ કાર્યવાહીઓ કરી છે તેમજ દસ્તાવેજો તૈયાર કર્યા છે તે તમામને સોગંદ ઉપર સમર્થન આપ્યુ છે તેમજ તેમની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કર્યાની હકીકત જણાવી છે. સદર સાહેદે ઉલટ તપાસમાં એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખવામાં આવી ન હતી તેમજ ખોટી ફરીયાદ આધારે ખોટો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો તેમજ પંચનામા પો.સ્ટે. માં તૈયાર કરી માત્ર પંચોની સહીઓ કરાવી હતી તેમજ ફરીયાદી સાહેદોની પુછપરછ કર્યા વિના તેમની મરજી મુજબ નિવેદનો નોંધી લેવામાં આવ્યા હતા તેમજ આરોપીઓ વિરૂધ્ધ કોઈ પણ જાતનો પૂરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. સાહેદે એ સૂચન સ્વીકાર્યુ છે કે, બનાવવવાળી જગ્યા ખાનગી છે કે જાહેર છે તે બાબતે ડી.એલ.આર.માં કોઈ તપાસ કરી નથી.

(૧૭) આમ, આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલા ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે બનાવ અંગેની ફરીયાદ આપનાર કે જેઓ બનાવમાં ભોગ બનનાર પણ છે તેમના મૌખિક પુરાવા ધ્વારા આંક : ૧૧ થી રજુ થયેલ ફરીયાદના કથનો પુરવાર થતા નથી. વધુમાં સદર ફરીયાદીના મૌખિક પૂરાવાથી પોલીસે ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી હોવાની હકીકત પરત્વે જ વ્યાજબી શંકા ઉપસ્થીત થાય છે. વધુમાં બનાવમાં ભોગ બનનાર ફરીયાદી (સા.નં.૧–આંક : ૧૦) તથા સા.નં. ૨ (આંક : ૧૨), સા.નં. ૩(આંક : ૧૩) ના મૌખિક પૂરાવાથી બનાવ બન્યો હોવાની હકીકતને તો સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ તેવા બનાવ વખતે બનાવના સ્થળે અને સમયે આરોપીઓની હાજરી જ પ્રસ્થાપિત થતી નથી. ફરીયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બન્યાની હકીકતને કોઈપણ સ્વતંત્ર સાહેદો ધ્વારા સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, હાલના કેસમાં બનાવને નજરે જોનાર ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદોના મૌખિક પુરાવાથી આરોપીઓ ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય તેઓએ આચર્યુ હોવાની હકીકત પુરવાર થતી નથી. હાલના કેસમાં ગુનાની તપાસ કરનાર અમલદાર એ રસ ધરાવનાર સાહેદ છે. વધુમાં ગુનાની ફરીયાદ લેનાર પોલીસ સાહેદને ફરીયાદ પક્ષ તર્ફે તપાસવામાં આવ્યા નથી. તે સંજોગોમાં આ કામે ગુનાની તપાસ કરનાર પોલીસ અધીકારીની કોઈપણ જાતના સમર્થન વિનાના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને હાલના આરોપીને ''બી.એન.એસ.'' ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ''એટ્રોસીટી એકટ'' ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત માટે કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. સબબ તે અનુસાર મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારત્મક આપી મુદ્દા નંબર : ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ **(સરળતા ખાતર ''બી.એન.એસ.એસ.'')** ની કલમ ૨૫૮ (૧) અન્વયે આ કામના આરોપીઓ ।૧। દિવ્યેશભાઈ ઉર્ફે દીવુ પરબતભાઈ ગોજીયા, ઉ.વ.૨૦, જાતે :

હિન્દુ– આહીર, રહે. લાંબા ગામ, વાડી વિસ્તાર, તાલુકા : કલ્યાણપૂર, જીલ્લા : દેવભૂમિ દ્વારકા તથા ।૨। પરબતભાઈ લાખાભાઈ ગોજીયા, ઉ. વ. ૪૨, જાતે : હિન્દુ – આહીર, રહેવાસી : ઉપર મુજબ તથા ।૩। પાર્થ મચાગર મેઘનાથી, ઉ. વ. ૨૦, જાતે : હિન્દુ–વૈરાગી બાવાજી, રહેવાસી : ચાંચલાણા ગામ, વાડી વિસ્તાર, તાલુકા : કલ્યાણપુર, જીલ્લા : દેવભૂમિ દ્વારકા તથા ।૪। ધનાભાઈ લખાભાઈ ગોજીયા, ઉ. વ. ૩૫, જાતે : હિન્દુ – આહીર, રહેવાસી : લાંબા ગામ, વાડી વિસ્તારગા, તાલુકા : કલ્યાણપૂર, જીલ્લા : દેવભૂમિ દ્વારકા નાઓને ''બી.એન.એસ.'' ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ''એટ્રોસીટી એકટ'' ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવામાં આવે છે તથા જામીનદારોને મુકત કરવામાં આવે છે.

(૩) આ ગુના કામે પોલીસે કબજે કરેલ બીનકીંમતી મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હાલના છોડી મુકવાના જજમેન્ટ સામે કોઈ અપીલ કે રીવીઝન થયેથી તેમાં આરોપીઓ અચુકપણે હાજર રહેશે તે માટે ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૪૮૧ અન્વયે દરેક આરોપીએ છ માસની મુદૃત અંગે રૂા.૫,૦૦૦/–સધ્ધર જામીનદારની જામીનગીરી તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવાનો રહેશે. વીકલ્પે આરોપીઓ તર્ફે અગાઉ રજુ કરવામાં આવેલ જામીનગીરીઓ તે જ હેતુ માટે વધુ છ માસની મુદત સુધી ચાલું રહેલી ગણવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૦૧ લી માહે : એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ દ્વારકા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : દ્વારકા.
તારીખ : ૦૧/૦૪/૨૦૨૬.

(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)
સેકન્ડ એડીશનલ સેશન્સ તથા સ્પે.
જજ એટ્રોસીટી એકટ, દ્વારકા
કોડ નં.જીજે૦૦૫૯૭